ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૭.૦ ડીગ્રી
લઘુતમ : ૧૨.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૩૫ ટકા

ગાંધીનગર તાપમાન

આજે મહામાસનું પ્રદોષ વ્રત

આ દિવસે સુર્યાસ્તના સમયે થાય છે શિવ-પાર્વતીજીની પૂજા

ગાંધીનગર, તા.૦૧

મહા માસનું પ્રદોષ વ્રત ૨ ફેબ્રુઆરી ગુરુવારે છે. ગુરૂવાર હોવાના કારણે તેને ગુરૂ પ્રદોષ કહેવામાં આવે છે. આ દિવસે ભગવાન શિવની વિશેષ પૂજાથી દરેક દોષ દુર થાય છે. ગુરૂવાર હોવાના કારણે શિવપૂજાથી સૌભાગ્ય, સુખ-સમૃધ્ધિ અને ઉંમર વધે છે. શિવ અને સ્કંદ પુરાણ પ્રમાણે પ્રદોષ અર્થાત ત્રયોદશી તિથિ ઉપર સાંજે સુર્યાસ્તના સમયે અર્થાત પ્રદોષ કાળમાં ભગવાન શિવ કૈલાશ પર પોતાના રજત ભવનમાં નૃત્ય કરે છે. આ દરમિયાન કરવામાં આવેલી તેમની પૂજા મનોકામના પૂરી કરે છે. આ સંયોગમાં ભગવાન શિવની પૂજાથી દરેક પ્રકારના દોષ પણ દુર થઈ જાય છે.

મહા મહિનાના સુદ પક્ષની તેરસ અર્થાત ત્રયોદશી તીથિ ગુરૂવારે સાંજે લગભગ ૪.૩૦ વાગ્યાથી શરૂ થઈ જશે. જે શુક્રવાર સાંજે લગભગ સાત વાગ્યા સુધી રહેશે. ગુરૂવારે સુર્યાસ્ત અર્થાત પ્રદોષ કાળમાં ત્રયોદશી તિથિ હોવાથી આ દિવસે વ્રત કરવું જોઈએ.

પ્રદોષ વ્રત આમ તો નિર્જળા અથવા પાણી પીધા વગર રાખવામાં આવે છે. એટલા માટે વ્રતમાં ફળાહારનું વિશેષ મહત્વ હોય છે. પ્રદોષ વ્રત આખો દિવસ રાખવામાં આવે છે. પ્રદોષ કાળમાં ભગવાન શિવની પૂજા કર્યા પછી જ ભોજનગ્રહણ કરવું જોઈએ. આ દિવસે વ્રત દરમિયાન પૂજાની થાળીમાં અબીલ, ગુલાલ, ચંદન, અક્ષત, ફુલ, ધતુરો, બિલીપત્ર, જનેઉ, કલાવા, દીવો, કપુર, અગરબત્તી, ફળ હોવા જોઈએ. પ્રદોષ વ્રતમાં અન્ન, મીઠું, મરચું વગેરેનું સેવન ન કરવું જોઈએ. વ્રત દરમિયાન એક જ વાર ફળાહાર ગ્રહણ કરવો જોઈએ. આ દિવસે સુર્યાસ્તના સમયે થાય છે ભગવાન શિવપાર્વતીની પૂજા.

તેનાથી દોષો દુર થાય છે અને ઉંમ રવધે છે. સનાતન ધર્મમાં માઘ માસનો અનેરો મહિમા રહેલો છે. આગામી તા.૫ ફેબ્રુઆરીના રોજ માઘ પૂર્ણિમા છે. માઘ પૂર્ણિમાના દિવસે ભગવાન વિષ્ણુની સાથે દેવી લક્ષ્મીની પૂજા કરવામાં આવે છે. માઘ પૂર્ણિમાના દિવસે

દેવી લક્ષ્મીની કૃપા મેળવવા માટે કનકધારા સ્ત્રોત અથવા શ્રી સુક્તનો પાઠ કરવો. તેનાથી દેવી લક્ષ્મીની વિશેષ કૃપા પ્રાપ્ત થાય છે. માઘ પૂર્ણિમાની રાત્રે ગંગાજળમાં સાકર મિશ્ર કરીને ચંદ્રને ખીર અર્પણ કરવામાં આવે છે. આમ કરવાથી ઘરમાં સુખ-સમૃધ્ધિ બની રહે છે.

જન્મદિને વધામણી

નીરંજના પ્રદીપસિંહ બિહોલા
ટ્રસ્ટી, સરસ્વતી વિદ્યાલય
મો. ૯૯૦૯૪ ૧૨૨૬૯

મીત કોયાણી
સર્વ નેતૃત્વ ગ્રુપ

જશીબેન
રમેશચંદ્ર શ્રીમાળી
મો. ૯૭૧૪૫ ૦૧૩૧૮

સંદિપ સોની
મો. ૮૮૪૯૮ ૦૧૫૫૪

કશિશ પંકજકુમાર
મેસરવાલા

યશ્વી જગદીશકુમાર કડીયા

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
-સંપાદક

પી.કે. ચૌધરી મહીલા કોલેજ ખાતે મીકેનીકલ કીટનો ટ્રેનીંગ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં ઉચ્ચ શિક્ષણ વિભાગ ગુજરાત સરકાર દ્વારા ઈનોવેશન ક્લબ અંતર્ગત પ્રબોધ ટ્રેનીંગ લીધેલ વિદ્યાર્થીનીઓ અન્ય વિદ્યાર્થીનીઓને જુદી જુદી કીટનો ઉપયોગ કરતા શીખવે તેવું આયોજન કરાયું હતું. જેમાં કોલેજના આચાર્ય ડૉ. એમ.એમ. ચૌધરીએ ગુજરાત સરકારની આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીનીઓ રસપૂર્વક અને ટ્રેનીંગ લે તેની માહિતી આપી હતી. પ્રબોધ ટ્રેનીંગ લીધેલ ટ્રેનરમાંથી દેવાંગી સંધ્યા ગ્રુપે નવી વિદ્યાર્થીનીઓને નટ્સ અને બોલ્ટ્સ, સોલ્ડરીંગ પંપ, વાયર સ્ટ્રીપર પ્લાયર્સ, મલ્ટિમીટર જેવા સાધનોની ટ્રેનીંગ આપી હતી. ટ્રનીંગમાં ઈમોવેશન ક્લબના ડૉ. મીના વ્યાસ અને ડૉ. ઉર્મિલા ચૌધરીએ સંચાલન કરેલ છે. ઉપ જેટલી વિદ્યાર્થીનીઓએ મીકેનીકલ કીટની ટ્રેનીંગ લીધી હતી.

ડીંગુચા પ્રાથમિક શાળાના જિજ્ઞાસાબેન પ્રજાપતિને પ્રતિભાશાળી પ્રમાણપત્ર એનાયત

ગાંધીનગર, તા. ૧

કલોલ તાલુકા પંચાયતે યોજાયેલા પ્રજાસત્તાક પર્વની ઉજવણીના કલોલ તાલુકાના ૧૩ કલસ્ટરમાંથી ૧૩ પ્રતિભાશાળી શિક્ષકોની પસંદગી થતાં તાલુકા પંચાયતના પ્રમુખ ધુળાજી, બીઆરસી રાજેશભાઈ દ્વારા તમામ શિક્ષકોને પ્રતિભાશાળી પ્રમાણપત્ર એનાયત કરી સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં ડીંગુચા પ્રાથમિક શાળાના જિજ્ઞાસાબેન પ્રજાપતિની પ્રતિભાશાળી શિક્ષક તરીકે પસંદગી થતાં પ્રતિભાશાળી પ્રમાણપત્ર દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

જે.બી.પ્રાથમિક શાળા દ્વારા સાયન્સ સીટીની મુલાકાત

ગાંધીનગર, તા.૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી.પ્રાથમિક શાળાના ધો.૮ના વિદ્યાર્થીઓને ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી ગાંધીનગર તથા જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર નિસર્ગ સાયન્સ સેન્ટરના સહયોગથી સાયન્સ સીટીની મુલાકાત ગોઠવવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ સાયન્સ સીટીમાં રોબોટીક ગેલેરી, એકવાટીક ગેલેરી, ૪મી મુવી, અર્થ, માર્શ મિશન, નેચર પાર્કની મુલાકાત લીધી હતી અને છેલ્લા વિજ્ઞાન ભવનમાં ૪૫ મીનીટનું લેકચર એટેન્ડ કર્યું હતું. બાળકોને વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તે હેતુથી આ આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય નિવાબેન બી.પટેલે મુલાકાત લેનાર વિદ્યાર્થીઓ અને શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

સર્વ વિદ્યાલય કેમ્પસ દ્વારા

શિક્ષણવિદ માણેકલાલ પટેલની ૯૪મી જન્મજયંતિ નિમિત્તે રક્તદાન શિબિર

ગાંધીનગર, તા.૧

"કર ભલા હોગા ભલા" અને "શિક્ષણ એ જ સાચી સેવા"નાં અભિગમ તથા શિક્ષણ સાથે સામાજીક ઉત્થાનનું કાર્ય કરતી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના વિકાસમાં જેમનો સિંહફાળો રહ્યો છે અને "શિક્ષણ એ જ સાચી સેવા"ના સૂત્રને જીવનમંત્ર બનાવનાર પૂજ્ય માણેકલાલ એમ. પટેલ સાહેબની જન્મ જયંતિ નિમિત્તે સર્વ વિદ્યાલય કેમ્પસ - કડી તથા ગાંધીનગરમાં છેલ્લા ૧૨ વર્ષથી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવે છે. વિદ્યાર્થી આવતીકાલનો નાગરિક છે ત્યારે સમાજનાં હિતમાં હરહંમેશ સામાજીક જીવનમાં સારા નાગરિકોનું નિર્માણ કરનાર અને શિક્ષણની સાથે સાથે સમાજ સેવાના અવિરત કાર્ય કરતી સર્વ વિદ્યાલયમાં રક્તદાન મહાદાનની ભાવના સાથે રાષ્ટ્રનાં નાગરિકોને સમયસર રક્ત મળી રહે તે હેતુથી યોજાયેલ

અગિયારમી રક્તદાન શિબિરમાં અત્યારસુધીની સૌથી વધુ કડી કેમ્પસ ખાતે ૭૩૧ અને ગાંધીનગર કેમ્પસ ખાતે ૪૧૪ થઈ કુલ ૧૧૪૫ રક્ત યુનિટો એકત્રિત કરવામાં આવેલ હતા. રક્તદાન દ્વારા એકત્રિત કરેલ રક્ત યુનિટો માનવ કલ્યાણ અર્થે રેડક્રોસ સોસાયટી અને સર્વોદય બ્લડ બેંક ખાતે મોકલી આપવામાં આવેલ હતા. સર્વ વિદ્યાલય પરિવાર વર્ષ ૨૦૧૨ થી લઈ ૨૦૨૩ સુધીમાં કુલ ૧૦૩૬૯ જેટલી રક્તની બોટલો ૧૨ રક્તદાન શિબિરો દ્વારા એકત્રિત કરી માનવ કલ્યાણની સુંદર કામગીરી કરી છે. આ પ્રસંગે સંસ્થાના ચેરમેન સાહેબશ્રી વલ્લભભાઈ એમ. પટેલ સંસ્થાના મંત્રીશ્રીઓ ડૉ. મણીભાઈ પટેલ, ડૉ. રમણભાઈ પટેલ, શ્રી મહેશભાઈ પટેલ, શ્રી જગદીશભાઈ પટેલ, ડૉ. આનંદભાઈ પટેલ અને ભગીની સંસ્થાના સર્વે પ્રિન્સીપાલશ્રીઓ રક્તદાનનું પ્રતિક એવા સફેદ અને લાલ ફુગ્ગાને ખુલ્લા આકાશમાં ઉડાડી, દીપ પ્રાગટય કર્યા બાદ રક્તદાતાઓને રક્ત યુનિટની બેગ આપી રક્તદાન શિબિરની શરૂઆત કરી હતી. આ સર્વે આમંત્રિત મહાનુભાવોએ રક્તદાતાઓને પ્રોત્સાહન પુરુ પાડયુ હતું.

આરાધના વિદ્યાવિહાર ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૧

આરાધના શાળામાં દેશના ૭૪મા પ્રજાસત્તાક દિનની ઉલ્લાસભર્યા વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધ્વજ પ્રમુખ તરીકે આરાધના વિદ્યાવિહાર સંસ્થાના ટ્રસ્ટી આશિષભાઈ આર. પટેલના વરદ્‌હસ્તે ત્રિરંગા રાષ્ટ્રધ્વજને ફરકાવી સલામી આપવામાં આવી હતી. ધ્વજ પ્રમુખે પોતાના વક્તવ્યમાં લોકશાહી અને બંધારણનું મહત્વ સમજાવી આદર્શ નાગરિક તરીકે ફરજપાલનનો સંદેશા આપ્યો હતો. આ પ્રસંગે આચાર્ય વિષ્ણુભાઈ એસ. પટેલ દ્વારા લોખશાહીના મહાપર્વ સમાન પ્રજાસત્તાક દિનની સૌને શુભેચ્છાઓ પાઠવી હતી. પ્રાથમિક વિભાગના ધોરણ-૧ થી ૮ ના વિદ્યાર્થી ભાઈ-બહેનો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમની શરૂઆત શિક્ષિકા રમીલાબેન જાદવના મધુર કંઠે પ્રાર્થનાથી કરવામાં આવી હતી. રાષ્ટ્રીય પર્વની સાથે ધાર્મિક પર્વ વસંતપંચમી નિમિત્તે સરસ્વતી વંદના અને બાલિકા દ્વારા સરસ્વતી માતાનું દીપ પ્રજ્વલિત કરી કુમકમ તિલક-પુષ્પોથી પૂજન કરવામાં આવ્યું. પ્રાથમિક વિભાગ ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમના ધોરણ ૧ થી ૮ ના ૭૦ જેટલા વિદ્યાર્થી ભાઈ-બહેનો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમની સુંદર રજૂઆત કરવામાં આવી હતી. જેમાં સ્વાગત ગીત, વિવિધ રાજયના લોકનૃત્યો, પરંપરાગત ડ્રેસ પહેરી દેશભક્તિ ગીતો સાથે ડાન્સ અને પિરામીડ, એકપાત્રીય અભિનય તથા દેશના મહાપુરુષો-શહિદોની સ્મૃતિરૂપે વેશભૂષા ધારણ કરી સૌને મંત્ર મુગ્ધ કર્યા હતા. ચેરમેન આર.એ. પટેલ દ્વારા વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. શાળાના વ્યાયામ શિક્ષક ઉમેશભાઈ પ્રજાપતિએ ધ્વજરક્ષક તરીકે સમગ્ર ધ્વજવંદનવિધિની ઉત્તમ જવાબદારી નિભાવી હતી. કાર્યક્રમને અંતે રાટ્રગીતનું ગાન કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષક અરવિંદભાઈ સી. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

બ્રમ્હાકુમારી સેન્ટર સે- ૨૮ ખાતે નિશુલ્ક મેડિકલ કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૦૧

તારીખ ૫ ફેબ્રુઆરી રવિવારે સવારે ૯ થી ૧૨ કલાકે હિન્દી વેબ ન્યુઝ ચેનલ તસવીરે ગાંધીનગર દ્વારા "તેજ આઈ સેન્ટર" તેમજ ઈન્ડિયન રેડક્રોસ ગાંધીનગર શાખા દ્વારા "નિશુલ્ક મેડિકલ કેમ્પ"નું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગરની જનતા ને આ નિશુલ્ક મેડિકલ કેમ્પનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

આર એન લલિતકલાના ઉપક્રમે કોચ વસીમભાઈના માર્ગ દર્શન હેઠલ સ્કેટિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬ વર્ષથી ૧૫ વર્ષના વિદ્યાર્થીઓએ ભાગ લઈને મેડલ પ્રાપ્ત કર્યા હતા. લલિતકલાના પ્રિન્સીપાલ દીનાબેન દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.યાદવ જયવીરસિંહ હુકમસિંહ ઉ.વ.૫૩, વાવોલ
- સ્વ.વાઘેલા રાજેશ સોપાજી ઉ.વ.૩૩, ગાંધીનગર